


સરકાર વન રેંક વન પેન્શન લાવીને માનશે મોદી

Page-6

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૮૨ ૧ જૂન, ૨૦૧૫, સોમવાર ; જેઠ સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મધુરના દૂધમાં લિટરે રૂ. ૨નો ભાવ વધારો ઝીંકાયો

## વીજ-દર, પેટ્રોલ-ડિઝલ અને કર્મચારીના પગાર ખર્ચને પહોંચી વળવા લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા.૩૧

મધુર ડેરી દ્વારા દૂધના ભાવમાં ૧લી જૂનથી લીટરે રૂ. બે નો ભાવ વધારો અમલી બનતો હોવાથી ગાંધીનગરનાઓનું બજેટ ખોરવાઈ જવા પામ્યું છે.

વીજ દરમાં વધારાની કળ હજુ વળી નથી તેમજ પેટ્રોલ ડિઝલના ભાવ વધારા પછી તુરત જ આજે મધુર ડેરી દ્વારા દૂધના ભાવમાં પ્રતિ લીટરે રૂ. ૨નો વધારો કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ સંચાલિત મધુર ડેરીએ દૂધ સિવાય તેન અન્ય ઉત્પાદનોની કિંમતમાં કોઈ વધારો કર્યો નથી.


મધુર ડેરી દ્વારા ૨૦૦ ગ્રામના પાઉચથી લઈ એક લિટર સુધીના દૂધના પાઉચ તૈયાર કરવામાં આવે છે.

ડેરી દ્વારા ગાયના દૂધનું પણ વેચાણ કરવામાં આવે છે. જો કે ડેરીની સત્તાવાર યાદીમાં દૂધના અન્ય ઉત્પાદનો જેવા કે ઘીની કિંમતમાં વધારો કરવામાં નહિ આવ્યો હોવાનું જણાવાયું છે.

અમૂલ દ્વારા દૂધની કિંમતમાં કરાયેલા વધારાને પગલે મધુર ડેરીએ પણ તેના દૂધમાં ભાવ વધારો કર્યો છે. હાલ ગાંધીનગર શહેમાં જ રોજનું એક લાખ લીટરથી વધુ દૂધનું વેચાણ મધુર દ્વારા કરવામાં આવ્યું છે.

ડેરી સત્તાવાળાઓના જણાવ્યા પ્રમાણે આખા ગુજરાતમાં દૂધ ઉત્પાદકોને ફેટના ભાવ મધુર દ્વારા સૌથી વધુ ચુકવવામાં આવે છે. દૂધ ઉત્પાદકોના હિતને કોઈ જ નુકશાન થશે નહિ. પેટ્રોલ-ડિઝલ, વીજદરમાં વધારો તેમજ કર્મચારીઓના પગારધોરણમાં થયેલા વધારાને પહોંચી વળવા માટે ભાવ વધારો કરવામાં આવ્યો છે.





કલા, સાહિત્ય અને સંસ્કૃતિ સમાજજીવનનું ચાલકબળ રહી છે. આ પ્રવૃત્તિઓ સમાજને ધબકતુ રાખે છે. ગાંધીનગરના સમાજને છેલ્લા બે દાયકાથી સુર, સંગીત અને સાહિત્યના સથવારે ધબકતુ રાખનાર ગાંધીનગર કલ્ચરલ ફોરમના ૨૧મા વર્ષના પ્રવેશ પ્રસંગે યોજાયેલ ભવ્યાતિભવ્ય ગ્રીષ્મોત્સવનું ઉદ્‌ઘાટન રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કર્યુ હતુ. પ્રથમ દિવસે ગુજરાતના જાણીતા ગાયક પાર્થિવ ગોહિલ અને તેમની ટીમે સુરીલા સંગીતના તાલે સૌને ડોલાવ્યા હતા.

# જિલ્લાની ૪૦ પ્રાથમિક શાળાઓમાં રાજયના પદાધિકારીઓ પ્રવેશોત્સવ માટે જશે

## પ્રવેશોત્સવના રૂટ માટે ત્રણ કેટેગરી નિયત કરાઈ મા. શિક્ષણ માં ૨૦ ટકાથી વધુ ડ્રોપ આઉટ અને પ્રા. શાળામાં ૫ ટકા સુધીનો ડ્રોપ આઉટ ધરાવતી શાળાઓને અગ્રતા

ગાંધીનગર, તા.૩૧

જિલ્લાની ૪૦ પ્રાથમિક શાળાઓમાં રાજય સરકારના અધિકારીઓ અને પદાધિકારીઓ પ્રવેશોત્સવ કાર્યક્રમમાં હાજરી આપવા માટે જશે.

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અંગે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. રાજય સરકારે પ્રવેશોત્સવ માટે ત્રણ જેટલા માપદંડો સાથે રાજયના પદાધિકારીઓ અને અધિકારીઓના રૂટ નિયત કરવા જણાવ્યું છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાની ૪૦ જેટલી શાળાઓ આ ત્રણેય માપદંડમાં સમાવેશ થાય છે. જેથી આ રૂટ તે પ્રમાણે તૈયાર થશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૬૮૦ શાળાઓ પૈકી ૧૬૦ જેટલી શાળાઓએ સી અને ડી ગ્રેડ ગુણોત્સવ ના પરિણામમાં મેળવ્યો છે.

સરકારે શાળા પ્રવેશોત્સવ માટે ધો-૮ અને ૯માં ૨૦ ટકા કરતાં વધુ ડ્રોપ આઉટ વાળા તાલુકાઓમાં રૂટ ફાળવવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કેટેગરી-૧ કે જે ગામમાં ધો-૮ અને ૯માં ૨૦ ટકા કરતાં વધુ ડ્રોપ આઉટ હોય તેમજ ધો-૧ થી ૭માં ૫ ટકા કરતાં વધુ ડ્રોપ આઉટ તેમજ ગુણોત્સવમાં સી અને ડી ગ્રેડની શાળાઓમાં આવતી હોય ત્યાં રાજયકક્ષાના પદાધિકારીઓના રૂટ નિયત કરવા.

આ ઉપરાંત જિલ્લામાં પ્રા. શિક્ષણની સાથે સાથે માધ્યમિક શિક્ષણના સાર્વત્રિકરણ પર પણ પહેલીવાર ભાર મુકવામાં આવ્યો છે.

પ્રાથમિક શિક્ષણ બાદ માધ્યમિક શિક્ષણમાં જતાં પૂર્વે જ બાળકો અભ્યાસ છોડી અને છુટક રોજગારી કે અન્ય દિશામાં જતા હોવાનું તારણ એક સર્વેમાં આવ્યું છે. માધ્યમિક શિક્ષણમાં વધતા જતા ડ્રોપ

● અનુસંધાન પાન-૭ પર



ગુજરાતના મુખ્ય સચિવ શ્રી ડી. જી. પાંડિયન વયનિવૃત્ત થતાં તેઓએ તથા તેમના ધર્મપત્નીએ ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને પોતાની સરકારમાં રહી કરેલી દીર્ઘ સેવાઓના સંસ્મરણો વાગોળ્યા હતા. (તસવીર : દિપક જાની)

# પંચાયતના પદાધિકારીઓ ૫ થી ૭ જૂન દરમિયાન સાપુતારાની સહેલગાહે જશે

## પંચાયતના ૨૭ સભ્યો સાથે સિંચાઈ વ્યવસ્થાપનનો અભ્યાસ કરશે

ગાંધીનગર, તા.૩૧

આગામી ૫ થી ૭ જૂન દરમિયાન ગાંધીનગર જિલ્લા પંચાયતના તમામ સભ્યો ચુનંદા અધિકારીઓની ટીમ સાથે સાપુતારાની સહેલગાહે જશે.

સિંચાઈ વ્યવસ્થાપનના અભ્યાસર્થે આ સભ્યોના પ્રવાસને સરકારશ્રી દ્વારા પણ મંજુરી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની છેલ્લા સામાન્ય સભામાં સભ્યોના પ્રવાસનો મુદ્દો છેડાયો હતો અને તેવખતે પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે હૈયાધારણ પણ આપી હતી.

આ પછી તંત્ર દ્વારા સરકારમાં આ પ્રવાસ માટેની દરખાસ્ત તૈયાર કરીને મોકલવામાં આવી હતી. પંચાયતના ૨૭ સભ્યો તેમજ ૮ થી ૧૦ જેટલા અધિકારીઓ આ પ્રવાસમાં જોડાશે. જ્યાં તેઓ સિંચાઈ વ્યવસ્થાપન અંગેનો અભ્યાસ કરશે.

ગાંધીનગર જિલ્લામાં સિંચાઈની સુવિધા નહિવત છે. સુજલામ સુફલામ અને નર્મદા કેનાલ આધારિત સિંચાઈ વ્યવસ્થાપનને વધુ આધુનિક અને અસરકારક બનાવવા માટે આ અભ્યાસ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સાહરમતી ઉપરાંત બે જેટલી નદીઓ પસાર થાય છે. હાલ નર્મદા કેનાલ આધારિત સિંચાઈ વ્યવસ્થા છે. ૧૪ હજાર હેકટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા છે. માઈક્રો નહેર નેટવર્કનું ખાતમુહુર્ત ગયા વર્ષે જ થયું છે. જિલ્લામાં સિંચાઈની ઓછી સુવિધા હોવાથી તેમજ પાણીના ઓવર એક્સપ્લોઈરેશન કેટેગરીમાં જિલ્લાનો સમાવેશ થાય છે ત્યારે આ પ્રવાસ જિલ્લાને લાભયાદી બનશે તેવો દાવો પંચાયતના સૂત્રો કરી રહ્યા છે.

આ પ્રવાસ માટે રૂ. બે લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.

# શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સરકાર હંમેશા પ્રોત્સાહન આપે છે : આનંદીબેન

## ગાંધીનગર કલ્ચરલ ફોરમના ૨૧મા સ્થાપના દિને યોજાઈ રહેલા ગ્રીષ્મોત્સવ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા. ૩૧

શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ સમાજ જીવનને ધબકતુ રાખે છે. રાજ્ય સરકાર હંમેશા આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા તત્પર છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત ગ્રીષ્મોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આમ જણાવી સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક સંસ્થાઓને પીઠબળ પુરૂ પાડ્યુ હતુ અને જાહેરાત કરી હતી કે સંસ્થાઓ દ્વારા જમીન સંદર્ભે કરવામાં આવતી માંગણી પરત્વે પુરેપુરૂ ધ્યાન આપવામાં આવશે અને શકય એટલો સહયોગ આપવામાં આવશે.



ગાંધીનગર જેવા સરકારી કર્મચારીઓની બહુમતીવાળા શહેરને સાંસ્કૃતિક નગરી તરીકેની ઓળખ અપાવવામાં ગાંધીનગર કલ્ચરલ ફોરમ જેવી સંસ્થાએ ખુબ મોટો ભાગ ભજવ્યો છે. ગ્રીષ્મોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આમ જણાવી સંસ્થાની પ્રવૃત્તિઓને બીરદાવી હતી. ગ્રીષ્મોત્સવના પ્રથમ દિવસે પ્રેક્ષકોને પોતાના સુરમણી સંગીતથી ડોલવવા ઉપસ્થિત રહેલા જાણીતા ગુજરાતી ગાયક પાર્થિવ ગોહિલની પણ તેઓએ પ્રશંસા કરી હતી. સ્વાગત પ્રવચન દરમ્યાન ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ શ્રી કૃષ્ણકાન્ત જહાએ કલ્ચરલ યુનિવર્સિટી માટે રજુઆત કરતા તેનો પ્રતિભાવ આપતા શ્રીમતી આનંદીબેન પટેલે મંચ પરથી જાહેરાત કરી હતી કે શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સરકાર હંમેશા પ્રોત્સાહન આપે છે અને સંસ્થાની માંગણી તરફ સરકાર હકારાત્મક રીતે વિચારશે અને તેમની માંગણીઓ પુર્ણ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રમુખ શ્રીમતી હંસાબેન મોદી, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેનશ્રી આશિષભાઈ દવે અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યોએ ગ્રીષ્મોત્સવના પ્રથમ દિવસે જાણીતા ગાયક પાર્થિવ ગોહિલને સાંભળવાનો લ્હાવો લીધો હતો.

# જિલ્લામાં ૧ થી ૨.૫ ટકા સુધીનો ડ્રોપઆઉટ રેસિયો


## પ્રાથમિક - માધ્યમિક શિક્ષણમાં સૌથી વધુ ડ્રોપ આઉટ કલોલ તાલુકામાં

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧ ટકાથી ૨.૫ ટકા સુધીનો ડ્રોપઆઉટ રેશિયો પુરા થયેલા શૈક્ષણિક વર્ષમાં નોંધાયો છે.

સૌથી વધુ પ્રાથમિક શાળામાં ડ્રોપઆઉટ રેસિયો કલોલ તાલુકામાં જણાયો છે. માધ્યમિક શાળામાં પણ સૌથી વધુ ડ્રોપ આઉટ રેસિયો કલોલ તાલુકામાં જ જોવા મળ્યો છે. કલોલની પ્રાથમિક શાળાઓમાં ૨ થી ૨.૫ ટકા સુધીનો ડ્રોપઆઉટ રેસિયો જોવા મળ્યો છે.

જિલ્લાની ઔદ્યોગિક તાકાત ગણાતા આ તાલુકામાં શિક્ષણના સાર્વત્રિકરણ અને ડ્રોપ આઉટ રેસિયામાં ઘટાડા માટે અભિયાન હાથ ધરવામાં આવશે. શિક્ષણ તંત્ર દ્વારા આ અંગે કવાયત હાથ ધરવામાં આવી છે.


ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૩. ફોન: ૨૩૨૮૭૧૩૪થી ૩૮

જાહેર નોટીસ

આથી મધુર ડેરીના માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, તા. ૧-૬-૨૦૧૫ના સવારથી અમલમાં આવે તે રીતે મધુરના દૂધના પાઉચ પેકના મહત્તમ વેચાણ ભાવ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ક્રમ | દૂધનો પ્રકાર | પ્રતિ પાઉચનો ભાવ (રૂ.) |
|---|---|---|
| ૧. | મધુર ટોન્ડ (તાજા) દૂધ ૫૦૦ મિલિ. | ૧૮-૦૦ |
| ૨. | મધુર ટોન્ડર (તાજા) દૂધ ૨૦૦ મિલિ. | ૦૭-૫૦ |
| ૩ | મધુર સ્ટાન્ડર્ડ (શક્તિ) દૂધ ૫૦૦ મિલિ | ૨૨-૦૦ |
| ૪ | મધુર ફુલક્રીમ (ગોલ્ડ) દૂધ ૫૦૦ મિલિ | ૨૪-૦૦ |
| ૫ | મધુર ગાયનું દૂધ ૫૦૦ મિલિ | ૨૦-૦૦ |
| ૬ | મધુર ટી સ્પેશ્યલ દૂધ ૧ લિટર | ૪૪-૦૦ |
| ૭ | મધુર છાશ ૫૦૦ મિલિ | ૧૧-૦૦ |

ઉપરોક્ત પેકિંગમાં જ્યાં સુધી જૂની વેચાણ ભાવ છપાયેલા પાઉચ ફિલ્મનો સ્ટોક હશે ત્યાં સુધી તેનો ઉપયોગ કરવામાં આવશે. જેની સર્વે માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી છે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી

Walk in Interview

Shankersinh Vaghela Bapu Charitable Trust

Shankersinh Vaghela Bapu Institute of Commerece

Bapu Gujarat Knowledge Village

Gandhinagar - Mansa Highway, Vasan, Gandhinagar

Website : www.bapugkv.ac.in Phone : 079-23976170

Walk in Interview for Shankersinh Vaghela Bapu Institute of Commerece, Vasan affiliated with Hemchandracharya North Gujarat University, Patan.

Qualified candidates are requested to appear in walk in Interview with application, resume, two passport size photograph, NOC of present employer with full details of academic carrier along with self attested and original testimonials / documents on 18/06/2015 at 1.00 AM at the above mention address for below mention posts as on your own cost.

**Principal - 1**

**Asst Professor :** Each one in - Account / Commerce, English, Physical Education, Economics (Part time - 1), **Asst Prof / Programmer** in Computer Application.

**Note :**

- Qualification, Experience & pay scale as per UGC, Gujarat Govt., HNGU, Patan norms. (Please visit respective websites).
- Retired person may also apply, if age is below 65 years.
- For SC/ST candidates 5% relaxation in all the post.

Registrar
Bapu Gujarat Knowledge Village

